# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા કાર્યરત કરવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું.**
2. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટની મુલાકાત લઈ સમીક્ષા કરી.**
3. **રાજ્યની બિન અનુદાનિત કોલેજના કર્મચારીઓને મળતા મેડિકલ ભથ્થામાં વધારો કરાયો.**
4. **સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રાળોલ ગામે આગની ઘટનામાં ત્રણ વ્યક્તિઓ મોત.**
5. **મહિલા I.T.F. ટેનિસ ટૂર્નામેન્ટમાં રાજ્યની વૈદેહી ચૌધરી સીંગલ્સની સેમીફાઈનલમાં પહોંચી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT KUTCH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ન્યાય આધારિત વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાય સહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો છે. ગઈકાલે ગાંધીનગર ખાતે NFSUના પદવીદાન સમારોહને સંબોધતા તેમણે ગુનાઓના બદલાતા સ્વરૂપને ધ્યાને રાખી સમસસર ન્યાય અપાવવામાં ન્યાય સહાયક વિજ્ઞાનના વધતા મહત્વ પર ભાર મૂક્યો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા કાર્યરત કરવા વિદ્યાર્થીઓને આહવાન કર્યું

બાદમાં રાષ્ટ્રપતિએ કચ્છની પરંપરાગત કલા અને કસબ સાથે જોડાયેલા કારીગરો સાથે ધોરડો ખાતે સંવાદ સાધ્યો હતો. તેમણે કહ્યું કે , પરંપરાગત કળાને જીવંત રાખવા માટે નવી પેઢી આ કળામાં જોડાય તે જરૂરી છે. આ મુલાકાત દરમિયાન તેમણે ધોરડો ખાતે વણાટ કળા, રોગાન આર્ટ, મર્ડ વર્ક અને ભરતકામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

શ્રી મૂર્મુએ હસ્તકલા પ્રદર્શની ની પણ મુલાકાત લીધી હતી. તેમણે રબારી ભરતકામના જાણીતા કારીગર પાબીબેન રબારી સાથે સંવાદ કર્યો હતો. પાબીબેને આ અંગે આ મુજબ જણાવ્યું હતું.

## (બાઇટ: પાબીબેન રબારી)

રાષ્ટ્રપતિએ કચ્છી રોગાન આર્ટ સાથે આઠ પેઢીથી જોડાયેલા કારીગર પદ્મશ્રી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અબ્દુલગફુર ખત્રી સાથે સંવાદ સાધીને રોગાન કળાના ઈતિહાસની માહિતી મેળવી હતી.

આ ઉપરાંત સુશ્રી મૂર્મુએ ધોરડો ખાતે સફેદ રણમાં કેમલ સફારીની સવારી કરીને સૂર્યાસ્તના આહલાદક નજારા સાથે "બેસ્ટ ટુરિઝમ વિલેજ" - ધોરડો વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. અને ભાતીગળ સંસ્કૃતિની રજૂઆત કરતો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.

# STATE BETHAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે 7 માર્ચે સુરત જિલ્લાના 2 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણ નો પ્રારંભ થશે.

પ્રધાનમંત્રીના કાર્યક્રમના આયોજન માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તથા પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમના આયોજન માટે વિવિધ સૂચનો – માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિવ શક્તિ માર્કેટમાં લાગેલી આગના નુકશાન સર્વે તથા અસરગ્રસ્ત વેપારીઓને મદદરુપ થવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# HARSH SANGHAVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે સુરત શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટની મુલાકાત લઈ પ્રભાવિત વેપારીઓ સાથે સંવાદ કરી સાંત્વના પાઠવી હતી.

શ્રી સંઘવીએ આગને કાબુમાં લેવા માટે પ્રશંસનીય કામ કરનાર ફાયર બ્રિગેડના જવાનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# AMRELI BUDGET

અમરેલી જિલ્લા પંચાયતનું 796.13 કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર કરાયું છે.

સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરત સુતરીયાની અધ્યક્ષતામાં અમરેલી જિલ્લા પંચાયતની ગઇકાલે યોજાયેલી સભામાં વર્ષ 2025-26નું 796.13 કરોડ રૂપિયાનું બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

આ સભામાં 13 મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. ખાંભા અને લાઠી તાલુકાના બે ગામોના નામ ફેરફાર કરવામાં આવ્યા હતા.સિંચાઈ વિભાગના વિવિધ કામો અંગે પણ ચર્ચા થઈ હતી.

# TAPI KUPOSHAN

પોષણ યુક્ત વિવિધ વાનગીઓ અંગે જન જાગૃતિ લાવવા તાપી જિલ્લાના વ્યારા ખાતે જિલ્લા કક્ષાએ વાનગી સ્પર્ધા તેમજ માતા યશોદા એવોર્ડ વિતરણ પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લાના અધિકારીઓ પદાધિકારીઓ તેમજ જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહયા હતા.

આ પ્રંસગે જિલ્લા કક્ષાએ વાનગી સ્પર્ધા તેમજ માતા યશોદા એવોર્ડ વિતરણ મહાનુભાવો ના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુ માહિતી સાંભળીએ ICDS ઈન્ચાર્જ પ્રોગામ ઓફિસર તન્વી પટેલ પાસેથી....

(બાઈટ-તન્વી પટેલ (ઇન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર, ICDS, તાપી)

# MEDICAL INCREMENT

રાજ્યની બિન અનુદાનિત કોલેજના કર્મચારીઓને મળતા મેડિકલ ભથ્થામાં વધારો કરાયો છે.

બિન અનુદાનિત કોલેજના કર્મચારીઓના હિતમાં નિર્ણય લેતા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે તેમને અપાતા મેડિકલ ભથ્થામાં 700 રૂપિયાનો વધારો કર્યો છે. આ નિર્ણય બાદ આ કર્મચારીઓને એપ્રિલ માસની પ્રતિમાસ 1000 રૂપિયાનું મેડિકલ ભથ્થુ મળશે.

# SURENDRANGAR FIRE

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રાળોલ ગામે આગની ઘટનામાં ત્રણ વ્યક્તિઓ મોત થયા છે.

અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, રાળોલ ગામના એક ઘરમાં ગઈખાલે સાંજે આગ ફાટી નીકળી હતી. જેમાં ત્રણ વ્યક્તિઓના મોત થયા છે. મૃત્યુઆંક વધવાની શક્યતા છે. ઘટનાની જાણ થતાં પોલીસ અને અગ્નીશામક દળો ઘટના સ્થળે પહોંચી આગને કાબુ લેવાની કામગીરી હાથ ધરી હતી.

# ARVALLI SINCHAI

અરવલ્લી જિલ્લામાં સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતો માટે સિંચાઈનું પાણી છોડાઈ રહ્યું છે.

આ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ પાસેથી

**<u>VOICE CAST : અંકિત ચૌહાણ, આકાશવાણી સમાચાર અરવલ્લી</u>**

# GUJCOAST

સાયન્સ સિટિ ખાતે એક મહિના સુધી ચાલેલા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું ગઈકાલે સમાપન થયું છે.

આ મહિના દરમ્યાન ગુજકોસ્ટ દ્વારા રાજ્યભરમાં વિજ્ઞાન કેન્દ્રો ખાતે વર્કશોપ, વિજ્ઞાન મેળા, વ્યવહારુ પ્રયોગો, વૈજ્ઞાનિકો દ્વારા વાર્તાલાપ સહિતના અનેક કાર્યક્રમો યોજાયા હતા.

એક મહિના સુધી ચાલેલી આ ઉજવણીમાં ત્રણ લાખ 49 હજાર 252 વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિજ્ઞાન ઉત્સાહીઓએ ભાગ લીધો હતો. આ ઉજવણીનો હેતુ રાષ્ટ્રીય અને વૈજ્ઞાનિક સ્તરે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નેતૃત્વની ભૂમિકાઓ નિભાવવા માટે યુવાનોને પ્રેરણા સજ્જ કરવાનો હતો.

પાટણ રીજીયોનલ સેન્ટર ખાતે ગઈકાલે વિજ્ઞાન દિવસની કરાયેલી ઉજવણીમાં વિવિધ જિલ્લાની 53 શાળા 1 હજારથી વધુ વિદ્યાર્થીઓ શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન અને ગણિત આધારિત 59 જેટલા મોડેલ રજૂ કરાયા હતા.

# WOMAN ITF TANIC

મહિલા ITF ટેનિસ ટૂર્નામેન્ટમાં રાજ્યની વૈદેહી ચૌધરી સીંગલ્સની સેમીફાઈનલમાં તો અંકિતા રૈના અને વૈષ્ણવીની જોડી ફાઈનલમાં પ્રવેશી છે.

વૈદેહીએ ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં જાપાનની ખેલાડીને 6-1, 7-6થી હરાવી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

આ સાથે ડબલ્સમાં રાજ્યની અંકિતા રૈના અને વૈષ્ણવીની જોડીએ ઝીલ દેસાઈ અને રિનો ઓકુવાકીની જોડીને 5-7, 6-3, 10-8થી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.